# ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટનું ઈડરમાં સ્વાગત

**અંબાજી દર્શન કરી પરત ફરતા ઇડર યુવા મોરચાના કાર્યકર્તા અને સંગઠનના હોદેદારોની મુલાકાત કરી**



ઈડર (બ્યુરો ઓફિસ)તા.૪
નવનિયુક્ત પ્રદેશ યુવા મોરચા પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટ અંબાજી ખાતે દર્શન કરી પરત ઈડર ખાતે આવી પહોંચતા ઈડર રેલવે સ્ટેશન વિસ્તાર ખાતે ઈડર તાલુકા અને શહેર ના કાર્યકર્તા ઓ ,યુવા મોરચા ના કાર્યકર્તા ઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ ધ્વરા બાકી મોરચો અને કારોબારી ની નવીન રચના કરવામાં આવી, જેમાં યુવા મોરચાના ઉત્સાહી પ્રશાંત કોરાટ ની પ્રદેશ યુવા મોરચો ના પ્રમુખ તરીકે નિમણૂક થતા અંબાજી ખાતે દર્શન કરી પરત ઈડર અને હિંમતનગર ખાતે ભાજપ સંગઠન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ,જેમાં ઈડર ખાતે સંગઠન પ્રમુખ પ્રેમલભાઈ દેસાઈ, શહેર મહામંત્રી પિયુષભાઈ દવે, સાબરકાંઠા જિલ્લા યુવા મોરચાના પ્રમુખ કલ્પીતભાઈ દવે અને મહામંત્રી મેહુલભાઈ મિસ્ત્રી અને સંજયભાઈ પટેલ, તરૂણ પટેલ, પ્રદેશ યુવા મોરચાના દર્શનભાઈ ઠાકર, કૌશલભાઈ ગજ્જર સાથે ઈડર શહેર/તાલુકા ના યુવા મોરચા ના કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા અધિક કલેકટર તથા મામલતદારએ મોડાસાના રસીકરણ સેન્ટરોની મુલાકાત લીધી



બાયડ તા.૪
રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સમગ્ર રાજયમાં રસીકરણ મહાઅભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જેમા ૪૫ થી ૬૦ વર્ષના તમામ વ્યક્તિઓને રસીકરણ હેઠળ આવરી લેવાનું અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પણ જુદા જુદા તાલુકાઓમાં રસીકરણનું અભિયાન શરૂ કરાયું છે.

જેને લઈ જીલ્લા અધિક કલેકટર આર.જે.વલવી તથા મોડાસા મામલતદાર અનિરુદ્ધ ગઢવીએ મોડાસા તાલુકાના ગાયત્રી મંદિર, ઓંધારી મંદિર અને ઉમિયા મંદિરમાં રસીકરણ સેન્ટરની મુલાકાત લીધી હતી. અને રસીકરણ લીધેલ વ્યક્તિઓ જોડે ચર્ચા વિચારણા કરી હતી અને રસી અંગે લોકોનો અભિપ્રાય પણ લીધો હતો. લોકોને આ રસીથી કોઈ આડઅસર કે શરીરમાં કોઈ કમજોરી આવતી નથી, આ રસી લેવાથી તેમના અનુભવો, અને બીજા લોકોને પણ તેમનો વારો આવે તે સમયે રસી લેવા પ્રેરિત કરે તથા તેમણે વધુમા જણાવ્યું કે માસ્ક પહેરવું, સેનેટાઈઝરથી વાંરવાર હાથ સાફ કરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું વગેરે જેવા સૂચનો કર્યા હતા.

# ઈડર ખાતે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાતનો પ્રાંત કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો

ઈડર
(બ્યુરો ઓફિસ) તા.૪
ઈડરના પાવાપુરી જૈન મંદિર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતનો પ્રાંત કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો. જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગોના માન્યતા પ્રાપ્ત આઠ સંગઠનોના અપેક્ષિત રાજ્ય, સંભાગ અને વિભાગના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સંગઠન, સમાજ, અને રાષ્ટ્રને કેન્દ્ર માં રાખી બંને દિવસ દરમિયાન કુલ ૧૦ સત્રો માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાન્ત પ્રચારક માન.ચિંતનભાઈ ઉપાધ્યાય, પ્રાથમિક શિક્ષણ નિયામક મહેશભાઈ જોશી - માધ્યમિક શિક્ષણ નાયબ નિયામક મહેશભાઈ મહેતા સંગઠન ના રાષ્ટ્રીય સંગઠન મંત્રી મહેંદ્ર કપૂરજી, મોહનજી પુરોહિત - સચિવ, ABRSM માધ્યમિક સંવર્ગ તથા કૈલાસ ભાઈ ત્રિવેદી પ્રાન્ત બૌદ્ધિક પ્રમુખ ગુજરાતનકુલદીપ સિંહ ગોહિલ




પ્રાન્ત સહ બૌદ્ધિક પ્રમુખ સૌરાષ્ટ્ર પ્રાન્ત સહિત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત ના અધ્યક્ષ ઘનશ્યામભાઈ પટેલ અને મહામંત્રી રતુભાઈ ગોળ તથા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના રાજ્ય અધ્યક્ષ ભિખાભાઈ પટેલ અને કોષાધ્યક્ષ તથા માધ્યમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ રમેશભાઈ ચૌધરી એ વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું. અભ્યાસ વર્ગમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદ ભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા .બે દિવસ ના અભ્યાસ વર્ગની સમગ્ર વ્યવસ્થા માટે મહા પ્રબંધક તરીકે ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ, અધ્યક્ષ સાબરકાંઠા અને સાબરકાંઠા ની સમગ્ર રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની ટીમ એ ખૂબ સુંદર રીતે આયોજન કર્યુ.

સમગ્રપણે બે દિવસના અભ્યાસ વર્ગ અંદર ઉપસ્થિત તમામ હોદ્દેદારો ને કાર્ય કરવાની પધ્ધતિ, લક્ષ્ય, પ્રશાસન સાથે નો અભિગમ, કાર્યકર્તાઓ ના ગુણો,ગુણવત્તા યુક્ત સંગઠન, રાષ્ટ્ર સર્વોપરી, સ્વદેશી અને ગ્રામ વિકાસ, પર્યાવરણ અને મહિલા સહભાગિતા, આર્થિક શુધ્ધતા અને મિડિયા મેનેજમેન્ટ જેવા અનેક વિષયમાંતાજગીસભર ભાથુંમળ્યું.

# મોડાસા વિસ્તારમાં જુગાર રમતા ૭ શકુનિ ઝડપાયા

**પોલીસે રોકડ રકમ રૂ. ૫૪,૫૨૦ તથા મોબાઇલ નંગ--૫ કી.રૂ.૩૭,૫૦૦ મળી કુલ મદ્દુામાલ રૂ.૯૨,૦૨૦મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

બાયડ, હિંમતનગર
(બ્યુરો ઓફિસ) તા.૦૪
મોડાસાના કસ્બા કસ્બા ઈન્દીરાનગર વિસ્તારમાંથી તીન - પત્તીનો જુગાર રમતા ૭ શકુનિઓને રૂ. ૯૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**તીન-પત્તીનો જુગાર રમતા ઝડપાયેલા શકુનિઓના નામ સરનામું**

(૧) રમીજખાન ફીરોજખાન પઠાણ રહે. મ.નં - ૭૭ દરીયાઇ સોસાયટી , કોલેજ રોડ, મોડાસા
(૨) ઈમરાનભાઇ વનશારભાઇ શેખ રહે. ઇન્દીરાનગર,મોડાસા તા.મોડાસા જી.અરવલ્લી
(૩) ફૈજાનભાઇ સલીમભાઇ કુરેશી રહે - ગરીબનિઝ સોસાયટી,મોડાસા તા.મોડાસા જી.અરિલ્લી
(૪) તૌસિફભાઈ ઉર્ફે મુન્નો કાલુખાન પઠાણ
રહે - ઇન્દીરાનગર, મોડાસા તા.મોડાસા
(૫) શોએબ ગુલામનબી મલેક રહે - રાઠોડફળી,કસ્બા, મોડાસા તા મોડાસા જી અરિલ્લી
(૬) અકીલભાઇ ઐયબુ ભાઇ શેખ રહે - ઈદીરાનગર,કસ્બા,મોડાસા તા મોડાસા જી અરિલ્લી
(૭) મોહાંમદફારૂક અબ્દુલહમીદ લચસ્તી રહે - દરીયાઇ સોસાયટી,મોડાસા તા.મોડાસા

ઇન્દિરાનગર વિસ્તારમાં એક ઈસમ પોતાના આર્થિક ફાયદા



માટે કેટલાક ઈસમોને પોતાના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે રેડ કરી મોડાસાના

પોલીસ મહાનિરીક્ષક અભય ચૂડાસમા ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અરવલ્લી જિલ્લામાં વધતી જતી દારૂ અને જુગારની બદી ને રોકવા માટે આપેલી સૂચનાને પગલે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઇ તથા તેમનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા દરમિયાન બાતમી મળી હતી કે, મોડાસા કસ્બા ઇન્દીરાનગર વિસ્તારમાં રહેતા તૌસિફભાઈ ઉર્ફે મુન્નો કાલુખાન પઠાણ તેના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં પોતાના આર્થિક ફાયદા માટે કેટલાક ઈસમો ને જુગાર રમાડી રહ્યો છે પોલીસે ઉપરોક્ત બાતમી વાળી જગ્યાએ રેડ કરતા તીન પત્તીનો જુગાર રમતા સાત શકુનિઓને ઝડપી પાડી રોકડ રકમ રૂ. ૫૪,૫૨૦/- તથા મોબાઇલ નંગ--૫ કી.રૂ.૩૭,૫૦૦/- મળી કુલ મદ્દુામાલ રૂ.૯૨,૦૨૦/- મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અણસોલ પાસે લકઝુરિયસ ગાડીમાં રૂ.૨.૨૦ લાખનો વિદેશી દારૂ સાથે ઉત્તાર પ્રદેશનો શખ્સ ઝડપાયો

બાયડ, હિંમતનગર
(બ્યુરો ઓફિસ) તા.૦૪
અણસોલ ચેકપોસ્ટ પાસે શામળાજી પોલીસે રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા શંકાસ્પદ વાહનોનાં ચેકીંગ

**દારૂની ખેપ વધી...!!!**

દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી એક મારૂતી ગાડીનું ચેકિંગ હાથ ધરતા મારુતિ ગાડી ના ગુપ્ત ખાનામાં સંતાડીને લઈ જવાતા રૂપિયા ૪.૨૨ લાખના વિદેશી દારૂ સાથે ઉત્તર પ્રદેશના એક શખ્સની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અભય ચુડાસમા પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર તથા સંજય ખરાત પોલીસ અધિક્ષકે મોડાસા સહિત અરવલ્લી જિલ્લાના પંથકમાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા સુચના આપેલ હતી જેને પગલે આજરોજ અણસોલ ચેક પોસ્ટ ઉપર પી.એસ.આઈ.તથા ફરજ ઉપરના પોલીસ સ્ટાફના માણસો રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરતા હતા તે દરમ્યાન મારૂતી એસએક્સ ફોર ગાડી નંબર. DL9CX-4151નો ચાલક મારૂતી એસએક્સ ફોર ગાડીમાં શીટમાં ગુપ્ત ખાનું બનાવી ગુપ્ત ખાનામા અન્ય રાજ્યમાંથી પરીવહન કરી વિદેશી દારૂની



બોટલ નંગ-૮૩ જેની કિ.રૂ.૨,૨૦,૫૦૦/-નો તથા તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂ ૨૦૦૦/- તથા મારૂરી સુઝુકી જીઠ૪ કંપનીની ગાડી ની કિ.રૂ ૨,૦૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂ. ૪,૨૨,૫૦૦/- નો મોટો વિદેશી દારૂનો જથ્થો ભરી લઈ આવી પકડાઇ ગયો હતો

જે બાબતે પોલીસે મારૂતી એસએક્સ ફોર ગાડીના ચાલક અમીત સ/ઓ રણધીરસિંઘ મહેન્દ્રસિંઘ જાતે ચૌધરી(જાટ) ઉ.વ.૩૪ રહે. બિજરોલ તા.બડોત જી. બાગપત થાના બડોત (ઉત્તરપ્રદેશ) તથા વોન્ટેડ ઈસમો વિરૂધ્ધ શામળાજી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહી કલમ ૬૫(એ)(ઈ),૧૧૬બી, ૯૮(૨),૮૧,૮૩ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



અશોકભાઈ એમ. પટેલ
રડોદરા, તા.બાયડ



ઉન્મેષભાઈ બી. પટેલ
(આચાર્ય : સરસ્વતી હાઈસ્કુલ-રમાસ)
બાયડ



શૈલેષભાઈ પટેલ
શીકા, તા.ધનસુરા



જીજ્ઞેશ ધીરજભાઈ પટેલ
દોલપુરા, તા.બાયડ



મયંક પટેલ
દખણેશ્વર, તા.બાયડ

# પ્રાંતિજ નેશનલ હાઈવે-૮ પર કતપુર ટોલટેક્સ પાસે એક કાર પલ્ટી ખાઇ ગઇ



પ્રાંતિજ તા.૪
સાબરકાંઠાના પ્રાંતિજના નેશનલ હાઇવે આઠ કતપુર ટોલટેક્સ પાસે એક કાર ત્રણ પલ્ટી ખાઈને રોડની બાજુમા આવેલ ખેતરમા જઇ પડી તો કાર ચાલક સહિત કારમા સવાર વ્યકિતનો આબાદ બચાવ થયો.

**ત્રણ પલ્ટીખાઇ રોડની બાજુમા આવેલ ખેતરમા પડી : રોડ પર પ્રસાર થતા લોકોને ખબર પડતા બુમાબુમ કરી મુકી : ચંદન હોટલના વેઇટરો દોડી આવીને કારનો દરવાજો ખોલી કારમા સવાર બેને બહાર કાઢ્યા**

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર ટોલટેક્સ પાસે એક કાર ચાલક સ્ટેરીગ ઉપર થી કાબુ ગુમાવતા કાર રોડ ઉપર થી રોડ ની નીચે ઉતરી ગઈ હતી અને બે થી ત્રણ પલ્ટીખાઇ ૧૦૦ મીટર સુધી પહોંચી હતી અને રોડ ની બાજુમા આવેલ ખેતરમા પડી પડી હતી તો રોડ ઉપર આવતા જતા લોકો સહિત બુમાબુમ થતા બાજુમા આવેલ ચંદન ઇન હોટલના વેઇટરો ધટના સ્થળે દોડી આવી કાર નો દરવાજો ખોલી ને બન્નેને બહાર કાઢ્યા હતા તો કાર ચાલક અજય કલ્યાણસિંહ ડાભી સાબર એગ્રો હિંમતનગર તથા કારમા સવાર અન્ય એક નો આબાદ બચાવ થયો હતો.

# પાલનપુરમાં ગાડીઓના બાના પેટે ૨૩.૭૫ લાખ પડાવ્યા: વેપારીને છેતરનાર ચાર ઈસમ સામે ગુનો દાખલ

**હતાશ વેપારી ગુમ : પોલીસ તપાસના ચક્રો ગતિમાન**

પાલનપુર, તા. ૪
પાલનપુરના વેપારી સાથે ૪ શખ્સોએ ભેગા મળી ૨૩.૭૫ લાખની છેતરપિંડી કર્યાની ઘટના પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક વિગતો મુજબ પાલનપુર-અમદાવાદ હાઈવે પર ઓટો કન્સલન્ટનો ધંધો કરી જુની ગાડીઓની લે-વેચ કરતાં વેપારી સાથે આ ઘટના બની છે. જેમાં ચાર શખ્સોએ અલગ-અલગ કાર વેચાણ આપવાનું કહી ૨૩.૭૫ લાખ બાના પેટે પડાવી લીધા હતા. જે બાદમાં વારંવાર કહેવા છતાં ગાડીઓની ડીલીવરી નહીં આપતાં વેપારી ઘરેથી ક્યાંક જતાં રહ્યા છે. સમગ્ર મામલે વેપારીના ભાઈએ ચાર ઈસમ સામે પાલનપુર વેસ્ટ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુર તાલુકાના જામપુરા ખાતે રહેતાં આશિષભાઈ પોપટલાલ જોષી પાલનપુર-અમદાવાદ હાઈવે પર સાક્ષી મોટર્સ ચલાવે છે. જેમાં તેઓ જુની ગાડીઓની લે-વેચ કરતાં હોઈ બજરંગભાઈ રાજપુરોહીત, ઈશ્વરસિંહ ચંપાવત, લલિત ગાંધી અને લલિત નાહર સાથે ઓળખાણ થઈ હતી. જે બાદમાં ચારેય ઈસમોએ તેમને અલગ-અલગ ગાડીઓ બતાવી તેના બાના પેટે અલગ-અલગ સમયે ૨૩.૭૫ લાખ પડાવી લીધા હતા. આ તરફ વારંવાર કહેવા છતાં તેઓએ ગાડીઓની ડીલીવરી નહીં આપતાં કંટાળીને માનસિક રીતે હારેલા વેપારીએ ઘર છોડ્યું હોવાની ઘટના સામે આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, આરોપી ઈસમોએ ફોરચ્યુનર, હોન્ડા અમેઝ, આઈ ટ્વેન્ટી અને મહિન્દ્રા પીકઅપ ડાલાના બાના પેટે પૈસા પડાવી છેતરપિંડી આચરી છે. આરોપી ઈસમોએ ફોરચ્યુનર કારના ૧૫ લાખ, હોન્ડા અમેજ કારના ૪ લાખ, આઈ ટવેન્ટી કારના ૨.૦૫ લાખ તેમજ મહિન્દ્ર પીકઅપ ડાલાના ૨.૭૦ લાખ મળી અલગ-અલગ સમયે કુલ રૂ.૨૩,૭૫,૦૦૦ પડાવી ગાડીઓની ડીલિવરી નહી આપી છેતરપિંડી કર્યાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે વેપારીના ભાઈએ ચાર ઈસમના નામજોગ ગુનો નોંધાવ્યો છે. પાલનપુર વેસ્ટ પોલીસે ઈસમો સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠા એલસીબી પોલીસે ૮ બાઈક ચોરીનો ભેદ ઉકેલી એક ઈસમની અટકાયત કરી

પાલનપુર, તા. ૪
બનાસકાંઠા એલસીબી પોલીસ ના સ્ટાફ દ્વારા આજે પાલનપુર અને ડીસા માંથી ચોરી થયેલા ૮ બાઈકો સાથે એક ઈસમને ઝડપી લેવામાં આવ્યો હતો પાલનપુર માલણ દરવાજા પોલીટેકનીક આગળ થી વેડંચા ગામનો જીગર કાન્તીભાઈ



પટેલ મોટરસાયકલ લઈ પસાર થતાં પોલીસ દ્વારા તેને બાઈકના કાગળો અંગે પુછતાં સંતોષકારક જવાબ ના મળતાં પોલીસે આકરી પુછપરછ કરતા બાઈક ચોરીનુ હોવાનીકબુલાત કરી હતી અને બીજા વધુ બાઈકો ચોરી કર્યા હોવાનુ જણાવતા પોલીસે આ જીગર પટેલ પાસેથી પાલનપુર ડીસામાં ચોરી થયેલા ૮ બાઈકો કબજે લઈ તેની અટકાયત કરી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

# કાંકરોલ શંકરધામમાં ભારતીય કિસાન સંઘની બેઠક યોજાઈ

**નવા વરાયેલા જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખોને સન્માનિત કરાયા**




રાયગઢ, તા.૦૪
ભારતીય કિસાન સંઘ સાબરકાંઠાની બેઠક તાજેતરમાં હિંમતનગર તાલુકાના કાંકરોલ શંકરધામ ખાતે મળી હતી. આ બેઠકમાં તાજેતરમાં નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરુભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ પટેલનું કિસાનસંઘ રાષ્ટ્રીય કારોબારી સભ્યશ્રી મગનભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી બાબુભાઈ કે.પટેલ તેમજ અન્ય ખેડૂત આગેવાનોની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં કિસાન સદસ્યતા અભિયાનને વેગ આપી લક્ષ્યાંક પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા જિલ્લા પ્રમુખશ્રી અમૃતભાઈ પટેલ, તાલુકા પ્રમુખશ્રી પ્રવીણભાઈ પટેલ, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુવરબા, હિંમતનગર નગરપાલિકા પ્રમુખશ્રી શ્રીમતી યતીનબેન મોદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં ભાજપના નેતાઓ બન્યા બેફામ

પાલનપુર, તા. ૪
પાલનપુર ભાજપ કાર્યાલય ખાતે આજે પ્રદેશ યુવા અધ્યક્ષ ના આગમનને લઈને ભાજપના નેતાઓ ના ટોળે ટોળા જોવા મળ્યા હતા



કોરોના સંક્રમણની ભીતિ વચ્ચે પાલનપુરમાં ભાજપના નેતાઓએ સોસીયલ ડિસ્ટન્સના ધજગરા ઉડાવ્યા હતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંત કોરાટ જીલ્લા ભાજપ કાર્યાલયે પહોંચતા મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા અને સોશ્યલ ડીસટંસના સરેઆમ ધજાગરા ઉડાવતા દ્રશ્યો જોવા મળ્યા હતા એક તરફ જિલ્લામાં દિવસે ને દિવસે કોરોના સંક્રમણ વધ્યું તો બીજી તરફ ભાજપના નેતાઓ ગાઈડલાઈનનો ભંગ કરતા સમગ્ર મુદો આજે શહેરભરમાં ચર્ચાસ્પદ બન્યો હતો

## અવસાન નોંધ...



બાયડ : બાયડની શ્રદ્ધાપાર્ક સોસાયટીમાં રહેતા ગોપાલ પ્રજાપતિ, અનિલ પ્રજાપતિ (ગાબટવાળા)ના પિતા મનહર ભાઈ સોમાભાઈ પ્રજાપતિ(નિવૃત્ત શિક્ષક : બાયડ હાઈસ્કુલ)નું નિધન થતાં પ્રજાપતિ સમાજમાં શોક છવાયો છે.